# મેડિકલ કોલેજના ઓડિટોરિયમનું લોકાર્પણ

### રૂ. ૨૨ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ સાથે મેઈન ઓડિટોરિયમ અને ૩ કોન્ફરન્સ હોલ ખુલ્લા મુકાયા





ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મેડિકલ કોલેજમાં ૧૨૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતા ઓડિટોરિયમને આજે રાજ્યના આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલે ખુલ્લો મુક્યો છે.

રૂ. ૨૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ આ અદ્યતન હોલની સાથે ૩ નાના કોન્ફરન્સ હોલ પણ બનાવવામાં આવ્યા છે. જેમાં ૫૦-૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતા બે હોલ અને ૧૦૦ બેઠકની ક્ષમતા ધરાવતા એક હોલનો સમાવેશ થાય છે. ગાંધીનગર મેડીકલ કોલેજનું સંકુલ નિર્માણ કર્યા બાદ આ ઓડિટોરિયમના નિર્માણમાં વેગ આવ્યો હતો. આજે સાંજે એક અત્યંત સાદા છતા દબદભાભર્યા સમારોહમાં આ હોલનું આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ટુંકુ પ્રાસંગિક ઉદ્‍બોધન કરતાં આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે માનવતાના ધર્મને અંગીકાર કરતા તબીબો હડતાલ જેવા કાર્યક્રમોથી અળગા રહે તેવી તીવ્ર લાગણી સમાજમાં પ્રવર્તી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે શ્રીમદ્‍ ભગવત ગીતામાં પણ તબીબીઓની તુલના નારાયણ સ્વરૂપે થયેલી છે.

આરોગ્ય મંત્રીશ્રીએ સમય-મર્યાદામાં જ અદ્યતન સુવિધાઓ સાથેના આ ઓડિટોરિયમને તૈયાર કરવામાં આવ્યો હોવાની વાતને એક સિદ્ધિ તરીકે લેખાવી જણાવ્યુ હતુ કે તેની જાળવણી અને મરામત પણ એટલી જ કાળજી અને ચોકસાઈ સાથે કરવામાં આવે તે જરૂરી છે.

તેમણે કોલેજના સંચાલકો દ્વારા આ બાબતે પુરતી કાળજી લેવાય તેવો આગ્રહ કરી જણાવ્યું હતું કે ગુજરાતની કોઈપણ મેડીકલ કોલેજ કરતાં આ હોલ અદ્યતન છે. તેમણે કોલેજ પણ એક આદર્શ વાતાવરણ નિર્માણ કરે તેવો ભાર મુક્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ, મેડીકલ સોસાયટીના હોદ્દેદારો તેમજ તબીબી વિદ્યાશાખાના પ્રોફેસરો અને આરોગ્ય તંત્રના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બોર્ડની પરીક્ષાનું લાઈવ વેબ કાસ્ટીંગ કરાશે

### પ્રાયોગિક સફળતા બાદ હવે રાજ્યભરમાં તેનો અમલ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા કેવા માહોલમાં યોજાઈ રહી છે તે વાલીઓ ઘરે બેસીને જોઈ શકે તે માટે પરીક્ષાનું લાઈવ વેબ કાસ્ટીંગ કરવામાં આવશે. સ્કૂલોમાં પરીક્ષા ચાલતી હશે તે જ સમયે વાલીઓ ઘરે બેસીને ઓનલાઈન પરીક્ષા જોઈ શકશે.

અગાઉ ધો. ૧૨ સાયન્સના પહેલા અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા દરમ્યાન આ જ પ્રમાણેનો પ્રયોગ કરાયો હતો. આ પ્રયોગ સફળ થતા હવે પરીક્ષાનું લાઈવ વેબકાસ્ટીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મોટાભાગે અમદાવાદ, સુરત જેવા મોટા શહેરોમાં લાઈવ વેબકાસ્ટીંગ કરવામાં આવશે જેની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. લાઈવ વેબકાસ્ટ માટેની વેબસાઈટ ટૂંક સમયમાં ફાઈનલ થઈ જશે. ત્યારબાદ તે વેબસાઈટ પર જઈ વાલીઓ અને અન્ય વ્યક્તિઓ ઘરે બેસીને જ વિદ્યાર્થીઓ કેવી રીતે પરીક્ષા આપી રહ્યા છે તે જોઈ શકાશે. ઓનલાઈન લાઈવ વેબકાસ્ટને પગલે વાલીઓ ક્લાસની અંદરની હિલચાલ પણ બહારથી જોઈ શકશે. આ પ્રયોગના કારણે કોપી કેસ અને અન્ય બાબતોને અટકાવી શકાશે. પરીક્ષાના સંચાલનમાં રહેલી ખામીઓ પણ જાણી શકાશે અને તેને સુધારી શકાશે.

## છેલ્લી ઘડીની તૈયારીઓમાં વિદ્યાર્થીઓ વ્યસ્ત

### ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરુ થવાને હવે માત્ર ગણતરીના જ દિવસો બાકી

ગાંધીનગર, તા.૪

પરીક્ષાનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. બોર્ડની પરીક્ષા શરુ થવાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓ રીવીઝન અને છેલ્લી ઘડીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

માર્ચ અને એપ્રિલ મહિનો એટલે શાળા કોલેજોની વાર્ષિક પરીક્ષાઓનો સમયગાળો બાળકો માથે ચોટલી બાંધીને ભણવા બેસી જાય છે. ખાસ કરીને ધો-૧૦ અને ૧૨ના બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે તો આ સમયગાળો કટોકટીનો ગાળો હોય છે. બોર્ડની પરીક્ષાઓ સાવ નજીક આવી ગઈ છે ત્યારે વિદ્યાર્થીઓ ખુબ મહેનત કરી રહ્યા છે. ફટાફટ રીવીઝન થઈ રહ્યું છે. કોમન પ્લોટમાં રમતા બાળકોની સંખ્યા હાલમાં ખૂબ ઓછી થઈ ગઈ છે. તેવી જ રીતે હરવા ફરવાના સ્થળો પર નહિવત ભીડ જોવા મળે છે. હાલમાં જ ઘણી સારી નવી ફિલ્મો આવી હોવા છતાં પરીક્ષાઓના કારણે થિયેટરોમાં કાગડા ઉડી રહ્યા છે. પરીક્ષાઓ નજીક આવતા તેનો માહોલ જામી રહ્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીનો કોન્ટ્રાકટ એલ એન્ડ ટીને સોંપાશે

### માત્ર બે જ કંપનીઓની બીડ આવી

ગાંધીનગર, તા.૪

ગુજરાતના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેકટ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો કોન્ટ્રાકટ એલ એન્ડ ટીને સોંપાય તેવી શકયતાઓ છે. સરકારના ઘણા મહત્વાકાંક્ષી પ્રોજેકટસ એલ એન્ડ ટીએ પાર પાડયા છે.

કેવડિયામાં સરદાર સરોવર ડેમથી ત્રણ કિ.મી.દૂર સાધુ બેટ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર જેટલી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા બાંધવા માટે વૈશ્વિક ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. પરંતુ એલ એનડ ટી અને અન્ય સ્થાનિક કંપની જેએમસી નવદીપ કોન્સોર્શિયમના બે ટેન્ડર સિવાય કોઈ આંતરરાષ્ટ્રીય કન્સ્ટ્રકશન કંપનીઓના ટેન્ડર આવ્યા નથી. એલ એન્ડ ટી ઉપરાંતની કંપની જેએમસી છે જે આંધ્રપ્રદેશની નવદીપ કંપની સાથે જોડાણ ધરાવે છે. દુબાઈ ખાતે 'બુર્જખલીફા' નામે વિશ્વની ઉંચામાં ઉંચી ઈમારત બાંધનારી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

સેફટી વીક સેલીબ્રેશન - ગાંધીનગરના જાણીતા ઔદ્યોગિક ગૃપ કલ્પતરૂ ટ્રાન્સમીશન ખાતે કર્મચારીઓની સલામતિ - માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. ઉત્પાદનની કામગીરી દરમિયાન ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓ પર કામદારોને વિવિધ ટીપ્સ આપી સેફટી વીક સેલીબ્રેશન કરાયું હતું.

# મુખ્ય રેલવે સ્ટેશનો પર સીસી ટીવી કેમેરા લગાવાશે

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં વધતા ગુન્હાઓને ઉકેલવામાં સીસીટીવી કેમેરા ઘણા ઉપયોગી સાબીત થાય છે. ત્યારે સીસીટીવી નેટવર્ક હેઠળ ગુજરાતના રેલવે સ્ટેશનોને આવરી લેવા ગુજરાત પોલીસે ભલામણ કરી છે.

પોલીસે એવો સુર વ્યક્ત કર્યો છે કે અપરાધીઓ આવવા-જવા માટે ટ્રેનનો માર્ગ પસંદ કરતા હોવાથી સીસીટીવી કેમેરા ઘણા ઉપયોગી બનશે. સૂત્રોના કહેવા પ્રમાણે પશ્ચિમ રેલવેના સત્તાવાળાઓને પ્લેટફોર્મ પર સીસીટીવી કેમેરા ગોઠવવા જણાવાયુ છે. પ્લેટફોર્મમાં એન્ટ્રી એકઝીટ પોઈન્ટ, ટીકીટ કાઉન્ટર જેવા વ્યુહાત્મક સ્થાનોએ સીસીટીવી કેમેરા લગાવવામાં કહેવામાં આવ્યું છે. રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના મુખ્ય રેલવે સ્ટેશનોએ સીસીટીવી કેમેરા લગાવવા માટેનો પ્રોજેક્ટ નક્કી કરાયો છે.

# મોબાઈલ પર વાતો કરવામાં 'ગુજ્જુઓ' સૌથી વધુ કરકસરીયા

ગાંધીનગર, તા.૪

દેશના અન્ય રાજયોના મોબાઈલ ઉપભોકતાઓની સરખામણીએ ગુજરાતીઓ મોબાઈલ પર ખુબ ઓછી વાતો કરે છે. તાજેતરમાં રજૂ યેલા ટ્રાઈના રીપોર્ટ મુજબ દેશમાં મોબાઈલ વપરાશ સૌથી ઓછો હોય તેવા રાજયોમાં ગુજરાત સામેલ છે.

પ્રત્યેક ગુજરાતી મોબાઈલ ધારક મહિને સરેરાશ ૩૩૯ મિનિટ મોબાઈલ પર વાત કરે છે જયારે મહિને માત્ર ૨૪ જેટલા મેસેજ કરે છે તેની સરખામણીએ જમ્મુ-કાશ્મીરના મોબાઈલ ધારકો ૬૧૬ મિનીટ જેટલી વાતો કરે છે. ટ્રાઈના રીપોર્ટ અનુસાર રાજયના ૫. ૨ કરોડ મોબાઈલ ધારકો પૈકી જીએસએમ સીમકાર્ડ ધારક સરેરાશ ૧૮૧ આઉટગોઈંગ કોલ કરે છે. જયારે ૧૫૮ કોલ રીસિવ કરે છે. ગુજરાતની સરખામણીએ જમ્મુ-કાશ્મીરમાં સૌથી વધુ ૬૧૬ મિનીટ, આસામમાં ૪૩૮ મિનીટ, કેરલમાં ૪૨૮ મિનીટ અને હિમાચલ પ્રદેશમાં ૪૧૩ મિનીટ સરેરાશ વાતો થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# એસટી ડેપોના પાર્કિંગના બેફામ ચાર્જ સામે રોષ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના પથિકાશ્રમ એસટી ડેપો ખાતે પાર્કિંગ કોન્ટ્રાક્ટ દ્વારા બેફામપણે ઉઘરાવાતી પાર્કિંગ ફી અને ઉદ્ધતાઈભર્યા વર્તનથી રોજે રોજ પાર્કિંગમાં વાહન મુકીને અપડાઉન કરતા નોકરિયાતો, ધંધાર્થીઓ અને વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ જવા પામ્યા છે. પાર્કિંગ કોન્ટ્રાક્ટરના ઉદ્ધતાઈભર્યા વર્તનનો શિકાર મહિલાઓ પણ થઈ રહી હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

ગાંધીનગરથી અમદાવાદ નોકરી, ધંધા કે અભ્યાસ માટે હજારો મુસાફરો રોજ અપડાઉન કરે છે. જે માટે શહેરના વિવિધ વિસ્તારો અને આસપાસના ગામોમાંથી નાગરિકો પોતાના વાહનો ડેપોના પાર્કિંગ લોટમાં વાહન પાર્ક કરીને બસ પકડે છે. આ વાહનધારકોને એસટી ડેપોના પાર્કિંગ કોન્ટ્રાક્ટર અને તેના કર્મચારીઓના દાદાગીરી તેમજ રોફભર્યા વર્તનનો રોજ શિકાર બનવું પડી રહ્યું છે. આ ઉપરાંત અહીં પાર્કિંગ ફી પેટે એક ટુવ્હીલર ૧૨ કલાક પાર્ક કરવાના રૂપિયા ૧૦ વસુલવામાં આવે છે જે અન્ય કોઈ પણ સરકારી સંસ્થાન પર વસુલાતા પાર્કિંગ ચાર્જ કરતા બમણો ચાર્જ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જ્યાં રોજના હજારો લોકો વાહન પાર્ક કરે છે ત્યાં પણ ૧૨ કલાક વાહન પાર્ક કરવાનો ચાર્જ માત્ર રૂપિયા પાંચ જ છે. જ્યારે અહી ગાંધીનગરના એસ.ટી. ડેપો પર રૂપિયા દસ મીનીમમ ચાર્જ તરીકે વસુલાય છે. પછી ભલે તમારૂ વાહન માત્ર ૧૫ મિનિટ માટે જ પાર્ક થયું હોય પણ ધરાર ૧૦ રૂપિયા ચુકવવા પડે છે.

### મીનીમમ ચાર્જ પેટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પણ માત્ર પાંચ રૂપિયા જ્યારે ગાંધીનગર એસટી ડેપોમાં દસ રૂપિયા ઉઘરાવાય છે

એસટી ડેપો પરના પાર્કિંગ લોટના કોન્ટ્રાક્ટર તેમજ તેના કર્મચારીઓ દ્વારા આટલો ચાર્જ ચુકવવા છતાં વાહન ધારકો પ્રત્યે ખૂબ જ રોફભર્યુ વર્તન કરાઈ રહ્યું છે. આ કારણે થોડાક દિવસો પહેલા એક ડીવાયએસપીના દિકરા સાથે આ કર્મચારીઓએ કરેલુ ઉદ્ધતાઈપૂર્વકનું વર્તન છેક હાથોહાથની મારામારી સુધી પહોંચ્યુ હતુ. જો કોઈ ટુવ્હીલર ધારક તેના નજીકના સંબંધી કે મિત્રને ડેપો પર ડ્રોપ કરવા આવ્યો હોય તો તેને મુસાફરને ઉતારવા માટે બે મિનિટ માટે પણ ઉભા રહેવા દેવામાં આવતા નથી અને ફરજિયાતપણે પાર્કિંગ લોટમાં ચાર્જેબલ પાર્કિંગ કરવા રીતસરની ફરજ પાડવામાં આવે છે. વળી અહીં આ કોન્ટ્રાકટના, તેના કર્મચારીઓના તેમજ તેમના મળતીયાઓના વાહનો ૨૪ કલાક આડેધડ પાર્ક થયેલા પડ્યા હોય જ છે.

ગાંધીનગર શહેર એ આયોજન કરીને વસાવાયેલુ નગર હોવાથી અહીં રહેતા તમામ રહેવાસી બહારના ગામોથી આવેલા છે. આ કારણે દરેક રહેવાસીને ત્યાં અવારનવાર નજીકના સગાઓ આવે ત્યારે તેને મુકવા-લેવા એસટી ડેપો પર આવવુ પડે છે. વળી, પાટનગર હોવાથી પણ વહીવટી કાર્યો માટે પણ બહાર ગામથી આવતા સગાઓને લેવા-મુકવા વગરના નાગરિકોએ એસટી ડેપો પર આવવુ પડે છે. આવે વખતે આ સગા-સંબંધીઓને સ્કૂટર પરથી ઉતારતા પાર્કિંગ લોટના કર્મચારીઓના બેફામ વર્તનનો શિકાર બનતા નાગરિકોને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવુ પડે છે.

ક્યારેક માત્ર ૧૦ કે ૧૫ મિનિટ માટે પાર્ક કરતા વાહનો પર પણ પુરા બાર કલાકનો મીનીમમ ચાર્જ વસુલવામાં આવે છે અને જો ૧૨ કલાકથી વધુ વાહન પડી રહે તો વધારાના કલાક દીઠ ચાર્જને બદલે બીજા બાર કલાકનો ચાર્જ ઉમેરી દેવામાં આવે છે. ઉદ્ધત કોન્ટ્રાક્ટર અને તેના કર્મચારીઓથી ત્રસ્ત નાગરિકો એસ.ટી. નિગમ કે વહીવટીતંત્ર દ્વારા આ બાબતે નક્કર પગલા લેવાય અને કલાક દીઠ મીનીમમ દરેક વર્ગને પોસાય તેવો ચાર્જ લેવાય તેવુ ઈચ્છી રહ્યા છે. આ ઉપરાંત સગા સંબંધીઓને મુકવા લેવા આવતા વાહનચાલકો માટે ટેમ્પરરી વાહન પાર્કિંગની સગવડ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# બેવડી ઋતુ અને સામાન્ય કબજીયાતને લઈ મોઢામાં ચાંદીઓની વ્યાપક ફરિયાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં હાલ ચાલી રહેલી બેવડી ઋતુને પગલે કબજીયાત અને લગ્નસરાની તીખી ચટાકેદાર વાનગીઓ ખાનારાઓના મોંઢા આવી જવાની ફરિયાદ વ્યાપક બની છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ સેકટરોના દવાખાનાની ઓ.પી.ડી.માં આ અંગેના કેસો મોટી સંખ્યામાં નોંધાતા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે તીખી ચટાકેદાર વસ્તુઓનું વધુ પડતુ સેવન તેમજ બેવડી ઋતુના માહોલને કારણે સામાન્ય કબજીયાત જેવા દર્દોની ફરિયાદ ઉઠતી જ હોય છે. ગાંધીનગરમાં આમેય પાણીને લઈ સતત ફરિયાદો થતી રહી છે.

લગ્નસરાની સિઝન જે રીતે ખીલી છે તે જોતાં આ ફરિયાદોનું પ્રમાણ વધવા પામ્યુ છે. મળતી વિગતો પ્રમાણે મહિલાઓ અને પુરૂષોમાં આવા કેસ વધુ જોવા મળી રહ્યા છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફેક્સ - ૨૩૨૩૦૫૭૧

ઓફીસ/શોપ ભાડે આપવાની છે
(૧) સેક્ટર-૧૧, મેઘમલ્હાર ૧૯૦ સ્કે. ફીટ
(૨) સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ૩૯૦ સ્કે.ફીટ
ફુલ્લી ફર્નિશ્ડ ૧૦ કર્મચારી બેસીને કામ કરી શકે તેવું વિશાલ પાર્કીંગની જગ્યા સાથે
સંપર્ક : મો. ૯૯૭૪૭૦૩૪૦૧






SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com